# સરગાસણમાં કૌટુંબિક જમીન બાબતે પરિવારમાં ઘમાસાણ

## સગાભાઈ સહિત કુટુંબીજનોએ બહેનને માર માર્યાનો વિડીયો વાયરલ થયો
## બહેન અને ભાણેજ પર લાકડી અને લોખંડનાં સળિયા વડે ઘાતકી હુમલો

ગાંધીનગર તા.૨૪

જર, જમીન અને જોરૂ, ત્રણેય કજીયાંના છોરું એ કહેવત ખૂબ જાણીતી છે. ગાંધીનગરમાં આ કહેવતને સાચી ઠેરવે તેવી એક ઘટના સરગાસણમાં ઘટી હતી જેમાં એક પરિવારની વડીલોપાર્જીત સાડા આઠ વીઘા જમીનના વિવાદમાં સગાભાઈ સહિત કુટુંબનાં વ્યક્તિઓએ ભેગા મળીને પોતાની જ બે બહેનોને જાહેરમાં માર માર્યો હતો. આ ઘમાસાણમાં એક બહેન તો તેમને માત્ર એક વર્ષનો દિકરો હોવાથી દૂર ઉભા રહી ગયા પરંતુ બીજી બહેનને તેમજ તેના દીકરા પર કુટુંબીજનોએ લાકડી અને લોખંડનાં સળિયા વડે ઘાતકી હુમલો કરી માર માર્યો હતો જેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ સાસરી અલૂવામાં રહેતાં હેતલબેન મૂળજીભાઈ પરમાર તેમજ તેમની નાની બહેન નીલમના જણાવ્યાં અનુસાર બુધવારના રોજ અમારી વડીલોપાર્જીત ભાગની જમીનમાં ભાઈ ચંદ્રહાશ દિવાલ ચણાવતો હતો જેથી અમે ત્યાં ગયા હતા જેથી તેણે અમને ગુરુવારે આવજો પિતા મૂળજીભાઈ રૂબરૂમાં આવીને બધું તમને સમજાવી દેશે તેમ જણાવતાં બંને બહેનો પોતાના પરિવાર સાથે ગુરુવારે સરગાસણ ગઈ હતી. જોકે આ વખતે અગાઉથી તૈયારીમાં ઉભેલા ચંદ્રહાશે તેમજ બીજા પિતરાઈ ભાઈઓએ અમારી પર લાકડી વડે હુમલો કર્યો હતો. આ સમયે નીલમબેન જોડે તેમનો એક વર્ષનો દિકરો હોવાથી ગભરાઈને દૂર જતાં રહ્યાં હતાં. પણ હેતલબેન તેમજ તેના દીકરાને ભાઈઓએ ભેગા મળીને ગડદાપાટુનો માર મારી લોખંડ સળિયા વડે હુમલો કર્યો હતો. જમીનમાં કોઈ ભાગ નહીં મળે તેવી ધમકી આપી હતી. બંને બહેનોના જણાવ્યા અનુસાર તેમના પરિવારમાં પિતા મૂળજીભાઈ પરમાર, માતા સવિતાબેન તેમજ ભાઈ ચંદ્રહાશ છે જેમની સરગાસણમાં વડીલોપાર્જીત સાડા આઠ વીઘા જમીન આવેલી છે. વર્ષ ૨૦૧૪માં ચંદ્રહાશે ભાગીને લવ મેરેજ કર્યા હતા જેથી તેની પત્નીના પરિવારજનોએ છાપામાં જાહેરાત આપીને તેની સાથેના બધા સંબંધો કાપી નાખ્યા હતા. આ પછી તેની પત્નીના કહેવાથી અમારા ભાઈએ પણ પરિવાર સાથે સંબંધો કાપી નાંખ્યા છે જે સરગાસણ સ્વાગત નેનો સીટીમાં રહે છે. સામાજિક ઝગડાનાં કારણે અમારા પિતા મૂળજીભાઈ ચંદ્રહાશ પાસે રહે છે અને માતા સવિતાબેન વારાફરતી અમારી પાસે રહે છે. ઘણીવાર માતા સગાવ્હાલાંના ઘરે પણ રહેવા જાય છે. હાલ પુરતું પોલીસે સમગ્ર ઘટના અંગે અરજી લઈને મામલો શાંત પાડ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ૨૬મીએ યોજાનાર સાયકલોથોન માટે જિલ્લામાં ૨૩૦૦ થી વધુ સાયકલવીરોએ તેમના નામનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે.
- રાજ્ય સરકારે આજે ૭ સનદી અધિકારીઓ અને ૫ ગુજરાત વહીવટીય સેવાના અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.
- ૨૬ અને ૨૭ ડિસેમ્બરના રોજ ગાંધીનગર મનપા દ્વારા ઘરગથ્થુ ખાતર અને બાગકામ ઉત્સવનું આયોજન સે.૨૧ ખાતે કરવામાં આવ્યું છે.
- સે.૧૭માં આવેલ ઈન્દિરા ગાંધી તાલીમ ભવનમાં આજે સાંજના સુમારે સાપ નીકળતા તેનું રેસ્ક્યુ કરી જંગરમાં છોડી દેવાયો હતો.
- જિલ્લામાં આજથી સુશાસન સપ્તાહની ઉજવણી કરાશે. આ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.
- દહેગામ તાલુકા ભાજપ કાર્યાલયનું વીજ કનેક્શન બિલ ન ભરતાં કપાયાની વાતે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.
- રજા પરથી પરત ફરેલા નાયબ મ્યુનિસિપલ કમિશનર સુશ્રી પૂજાબેન બાવડાને વાયબ્રન્ટ સમીટને લઈ જી.એ.ડી. હસ્તક મુકવાના હુકમો થયા છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ના બહેન એકેય પાણીપુરી ફુટેલી ના હોય... આ કાંઈ પરીક્ષાનું પેપર છે કે ફુટી જાય...!!

# ગાંધીનગર ખાતે ૩૦મીએ મેગા જોબફેર-ભરતીમેળો યોજાશે

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૩૦મી ડિસેમ્બરના રોજ સવારના ૯.૦૦ કલાકે ઓડિટોરિયમ હોલ, સિવિલ હોસ્પિટલ, સેકટર- ૧૨ ખાતે જિલ્લા કક્ષાના મેગા જોબફેર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ આ દિવસે જિલ્લા શ્રમ અધિકારીની કચેરી દ્વારા ઈ- શ્રમિક નોંધણી કેમ્પનું પણ આયોજન આ સ્થળે કરવામાં આવ્યું છે.

જિલ્લા રોજગાર કચેરી દ્વારા આયોજીત મેગા જોબફેર અને એપ્રેન્ટીસ ભરતી મેળામાં ૧૦ થી વધુ ગાંધીનગર જીલ્લાની ખ્યાતનામ કંપનીઓ ભાગ લેશે. આ સાથે શ્રમ અધિકારીની કચેરી દ્વારા ઈ-શ્રમિક નોંધણી કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

જીલ્લા કક્ષાના મેગા જોબફેરમાં રોજગારવાંછું ઉમેદવારો કે જેઓ ૧૦ પાસ,૧૨ પાસ , આઈ.ટી.આઈ, ડીપ્લોમાં કે ગ્રેજ્યુએટ થયેલ ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની માત્ર નકલ કે બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે, તથા અસંગઠિત શ્રમિકો જેવા કે બાંધકામ ક્ષેત્ર, ખેતી, મનરેગા, આશા વર્કર બહેનો, ફેરિયાઓ, ઘરેલું કામદાર, રિક્ષા ડ્રાઈવર વગેરે કે જેમની ઉમર ૧૬ થી ૬૦ વર્ષની હોય તેવા શ્રમિક નાગરિકોએ કાર્યક્રમના દિવસે પોતાનું આધાર કાર્ડ, બેંક પાસબુકની નકલ સાથે હાજર રહેવાનું રહેશે. ઈ-શ્રમિક કાર્ડ માટે સ્થળ પર નોંધણી કરવામાં આવશે. વધુ માહિતી માટે રોજગારવાન્છું ઉમેદવારોએ જીલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર અને શ્રમિક નાગરિકોએ સરકારી શ્રમ કચેરી, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે.



જાન્યુઆરી માસમાં ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટ યોજાવાની છે. વાયબ્રન્ટ સમિટની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. શહેરના માર્ગોની સુધારણાની સાથો સાથ રંગરોગાનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. વાયબ્રન્ટ સમિટ જયાં યોજાવાની છે તે મહાત્મા મંદિરને જોડતા તમામ માર્ગોને શણગારવામાં આવી રહ્યા છે.

# મકાન માલિક અને અન્ય ૪ શખ્સોએ ભાડુઆત શેફને માર્યો

## ભાટ ખાતે નારાયણી હાઈટ્સના શેફને મકાન માલિકે ભાડાં બાબતે દોડાવી દોડાવીને માર્યો : છરી વડે હુમલો કરતાં ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના ભાટ ગામ ખાતે ભાડેથી રહેતા જાણીતી હોટેલ નારાયણી હાઈટ્સનાં એક્ઝિક્યુટિવ શેફને ગુરૂવારે રાત્રે તેના મકાન માલિક સહિત ચાર શખ્સોએ ભેગાં મળીને માર મારી ચાકુ મારી હત્યાનો પ્રયાસ કરવાની ઘટના સર્જાઈ હતી. આ ઘટના અંગે મકાન માલિક સહિત ચાર વિરુદ્ધ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થવા પામી છે.

ગાંધીનગરના ભાટ ગામ ખાતે આવેલી નારાયણી હાઈટ્સ હોટલમાં ગોપાલસિંહ ભેરુસિંહ રાઠોડ નામનો વ્યક્તિ છેલ્લાં બે મહિનાથી એક્ઝિક્યુટિવ શેફ તરીકે નોકરી કરે છે અને તે ભાટ ગામમાં દરગાહની પાસે પીરવાડા ખાતે પ્રકાશભાઈ ભરવાડના મકાનમાં ભાડેથી રહે છે. ગોપાલસિંહ ગઈકાલે ગુરૂવારે રાત્રે જ્યારે નોકરી પર હતો તે સમયે તેના મકાન માલિક પ્રકાશ ભરવાડે ફોન કરીને મકાનનું ભાડું ચુકવી જવા કહેતાં ગોપાલસિંહ હોટલનું સ્કુટર લઈને મકાન પર ગયો હતો. આ સમયે ત્યાં હાજર પ્રકાશ તેમજ તેનો દીકરો ઉર્વીશ તેમજ બીજા બે અજાણ્યા માણસો ગોપાલસિંહ કઈ સમજે એ પહેલા જ ગાડીમાંથી લાકડી કાઢીને તેને ફટકારવા લાગતા ડરી ગયેલો ગોપાલસિંહ ત્યાંથી દૂર ભાગવા લાગ્યો હતો. આ સમયે જ પ્રકાશના દીકરા ઉર્વીશે તેની પર છરી વડે હુમલો કર્યો હતો જેનાં કારણે છરી ગોપાલસિંહનાં હાથના અંગૂઠા પર વાગી હતી. સ્થિતિ પારખી ગયેલો ગોપાલસિંહ જીવ બચાવવા દોડતો દોડતો હોટલ તરફ ભાગ્યો હતો. એ સમયે પેલા અજાણ્યા ઈસમોએ પણ તેની પાછળ દોડતા દોડતા ગોપાલસિંહને બરડામાં લાકડીઓ ફટકારી હતી. આ સાથે મકાનમાલિક પ્રકાશે ભાટ ગામમાં ફરીવાર દેખાઈશ તો જાનથી મારી નાખીશ એવી ધમકી આપી હતી. જોકે જેમતેમ કરીને ગોપાલસિંહ દોડીને હોટલ પર પહોંચી ગયો હતો અને ત્યાંથી પોલીસ કંટ્રોલમાં ફોન કરતા પોલીસ પહોંચી ગઈ હતી. ગોપાલસિંહની ફરિયાદના આધારે અડાલજ પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.






## ધી ચિલોડા સેવા સહકારી મંડળી હોલમાં ખેડૂત દિવસ ઉજવાયો

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત ધી ચિલોડા સેવા સહકારી મંડળીના હોલમાં ચેરમેન જૈમિનભાઈ પટેલની ઉપસ્થઈતિમાં ૨૩મી ડિસેમ્બર ખેડૂત દિવસની ઊજવણી અંતર્ગત કૃષક ભારતી કૉ. ઓપરેટિવ લિમિટેડ આયોજિક ખેડૂત મિટિંગમાં ક્ષેત્રિય પ્રતિનિધિ ગાંધીનગર પ્રતિક એલ કૌલા એ કૃભકો પેદાશ મોબીલાઈઝીંઘ પ્રવાહી જૈવીક ખાતરની વપરાશ અને વધુ ઉત્પાદન, એમ.પી. કે પ્રવાહી જૈવિક ખાતરના ફાયદા, ખાતર આપવાની રીત, બિયારણને પટ આપવાની રીત, લણણી બાદ (ઊભા પાકમાં) સમયે પોટાશ, મોબાલાઈઝીંગ પ્રવાહી જૈવીક ખાતર. પાકનું પોષણ વગેરેની વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન ખેડૂતોને આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોને એન.પી.કે-૧ બોટલ અને બોરસલી છોડનું વિતરણ કર્યું હતું. આ ખેડૂત દિવસની ઉજવણીમાં જાગૃત અને પ્રગતિશીલ બટાકાનું વાવેતર કરતા અગ્રણી ખેડૂતોએ ભાગ લીધો હતો.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ


તા. ૨૫મી ડિસેમ્બર

ગુડ ગવર્નન્સ ડે – સુશાસન દિવસ

રાજ્ય સરકારના સુશાસન થકી છેવાડાના લોકોને મળી રહ્યો છે અવિરત વિકાસનો લાભ



ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન
સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીને
જન્મ જયંતિ પર કોટી કોટી વંદન...



તા. ૨૫ થી ૩૧મી ડિસેમ્બર સુધી રાજ્યભરમાં સુશાસન સપ્તાહની ઉજવણી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં

તા.૨૫મી ડિસેમ્બરે, ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનો કાર્યક્રમ

- નવા જનસંપર્ક એકમ-સ્વાગત કક્ષનો શુભારંભ
- esarkar (IWDMS 2.0)નો શુભારંભ
- સોગંદનામા સબંધી નવી નીતિની જાહેરાત
- બેસ્ટ પ્રેક્ટિસીસ કમ્પેડીયમનું વિમોચન

તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર સુધી જિલ્લા કક્ષાએ
વિવિધ વિભાગોના કાર્યક્રમો યોજાશે
જેમાં મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે

| તારીખ | વિભાગ | કાર્યક્રમની રૂપરેખા |
|---|---|---|
| ૨૬-૧૨-૨૦૨૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | પ્રધાનમંત્રી આવાસ યોજના, નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન, વેન્ડર સર્ટિફિકેટ ડિસ્ટ્રીબ્યુશન, વ્યક્તિગત આવાસ માટે બાંધકામના હપ્તાની ચુકવણી,૨૦૦ વિકાસ કામો જે પૈકી ભૂમિપુજન (૭૫) અને લોકાર્પણ (૧૨૫), આશ્રય સ્થાનોનું ભૂમિપુજન અને લોકાર્પણ, બેસ્ટ પ્રેક્ટિસીસ-૩/૪ નવા પોર્ટલનો પ્રારંભ |
| ૨૭-૧૨-૨૦૨૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ | વેક્સિનેશન ડ્રાઈવ<br>પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડનું વિતરણ |
| ૨૮-૧૨-૨૦૨૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | બેસ્ટ ફાર્મિંગ પ્રેક્ટિસીસનું નિદર્શન, કૃષિ/પશુપાલન/મત્સ્યોદ્યોગ વિભાગના લાભો/સહાયનું વિતરણ, કેટલ કેમ્પ અને વેક્સિનેશન |
| ૨૯-૧૨-૨૦૨૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ | વિધવા/વૃદ્ધ/અન્ય યોજનાકીય સહાયનું વિતરણ, વૃદ્ધાશ્રમ/નારી સંરક્ષણ ગૃહો/બાળ સંભાળ ગૃહોની મુલાકાત અને સ્વચ્છતા અભિયાન, દિવ્યાંગતા પ્રમાણપત્રોનું વિતરણ, કોર્પોરેશન દ્વારા સંચાલિત યોજનાઓમાં લોનની મંજૂરી, વન અધિકાર અધિનિયમ અંતર્ગત સનદનું વિતરણ , ખાતમુહૂર્ત/લોકાર્પણ |
| ૩૦-૧૨-૨૦૨૧ | શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિભાગ | રોજગાર નિમણૂકપત્રો-એપ્રેન્ટિસશીપ કરારપત્રો કરાશે એનાયત, બેસ્ટ પ્રેક્ટિસીસ તથા તાલુકા કક્ષાએ ઈ-શ્રમ કાર્ડનું વિતરણ |
| ૩૧-૧૨-૨૦૨૧ | પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૫મા નાણાં પંચ અન્વયે કામોની મંજૂરી, ગ્રામ્ય કક્ષાએ સફાઈ અભિયાન, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય), ગ્રામ સભાઓનું આયોજન, નવા પંચાયત ઘરોનું ભૂમિપુજન/લોકાર્પણ, ગુડ ગવર્નન્સ/ડિજિટલ સેવાઓ |

તથા અનેકવિધ લાભો...

સુશાસન થકી જન કલ્યાણ માટે તત્પર રાજ્ય સરકાર